e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 391
April 24, 2015

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

તા.૧૫.૦૪.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૨૬ ફાઈલના રૂા.૨૪.૮૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૭ લોકેશન(ખાડા)૩૦૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૯.૫૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. કુલ–૦૭ લોકેશન(ખાડા) ૬૩૫.૦૦

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ,તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે. અને છેલ્લા ૦૬( છ) દિવસ થી આ પ્રકારનાં દબાણવાળા

વધુ માટે કલીક કરો >>>>>>

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)શકિત વિજય સોસાયટી નહેરવાળા ડી.પી. રસ્તા પર દબાણ /ડિમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી નહેરવાળા ડી.પી.રસ્તા પર મકાનો/ ઝુપડા અસર હેઠળ આવે છે. જે પૈકી કેનાલ રોડની અસરમાં દબાણ કરી સદર નહેર/ રસ્તા પૈકીના ભાગમાં બનેલ બાંધકામ પૈકી અગાઉ પણ અસર હેઠળ આવતા મકાનો/ ઝુપડા ને વૈકલ્પિક આવાસ આપી

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૦/૦૪/૨૦૧૫ ના રોજ ખચતક ફેઝ–૧ ના રૂટનું લોકાર્પણ તથા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કન્વેનશન

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૦/૦૪/૨૦૧૫ ના રોજ ખચતક ફેઝ–૧ નો, ડુમસ રીસોર્ટ થૃ જંકશન થી સરથાણા જકાતનાકા સુધીના ૨૦.૦૦ કિ.મી.લંબાઈના બીજા રૂટની લોકાર્પણવિધિ તથા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિકાસના વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદૃહસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસીર્ટીના કન્વેશન હોલમાં સંપન્ન કરવામાં આવી

વધુ માટે કલીક કરો >>>>>>

## ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક) માં આવેલ પરમહંસ વિદ્યાલયમાં ડિમોલીશનની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક)ના ફા.પ્લોટ નં. ૧૦/બી માં આવેલ પરમહંસ વિદ્યાલયમાં બીજા માળે માર્જીન વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ આશરે ૮૦૦.૦૦ ચો.ફુટ ના માપ વિસ્તારનું આર.સી.સી., સ્લેબ તથા ચણતરની દિવાલો દુર કરી રૂા. ૫૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુઈ કરવામાં

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ



ગુજરાતના મહાનગરો અને શહેરોના સર્વાગી વિકાસ માટે ચેક અર્પણ સમારોહ તા.૨૨/૦૪/૨૦૧૫,બુધવારના રોજ મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે ગુજરાત રાજય ના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદૃહસ્તે યોજાનાર હતો.જેમાં માન.રાજય કક્ષાના મંત્રીશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,વાહન વ્યવહાર,શહેરી ગૃહ નિર્માણ શ્રી શંકરભાઈ ચૌધરી અતિથિવિશેષ તરીકે હાજર રહયા હતા.

વધુ માટે કલીક કરો >>>>>>

## વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે મ.ન.પા. ધ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

ઈલેકટ્રોનિક યુગમાં પણ પુસ્તકોનું મહત્વ જળવાઈ રહે તે માટે ૨૩ એપ્રિલનો દિવસ સમગ્ર વિશ્વમાં 'પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જે નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ(વરાછા) ઝોન નાના વરાછા વિસ્તારમાં ડીમોલીશન તથા દબાણ દુર કરવા અંગેની અખબારયાદી

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) ના ફા.પ્લોટ નં. ૭૫/૨ પૈકીમાં સિધ્ધાર્થ સોસાયટી પ્લોટ નં. એ/૮,૯,૧૦ માં મંજુર પ્લાન વિરૂધ્ધ ભોંયતળિયાના ભાગે માર્જીન કવર્ડ કરી બનાવેલ આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારમાં ફેબ્રીકેટેડ દુકાનો શટર્સ સહિત તોડીને દુર કરવામાં આવેલ. તે ઉપરાંત ફા. પ્લોટ નં. ૭૦/બી

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના) માં સ્ટ્રીટલાઈટના થાંભલા નું દબાણ દૂર કરવાની સતત ચૌદ દિવસથી ચાલતી કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા ચૌદ દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વિશ્વ પુસ્તક દિવસની મ.ન.પા. ધ્વારા ઉજવણી



ઈલેકટ્રોનિક યુગમાં પણ પુસ્તકોનું મહત્વ જળવાઈ રહે તે માટે ૨૩ એપ્રિલનો દિવસ સમગ્ર વિશ્વમાં 'પુસ્તકદિવસ' તરીકે ઉજવવામાં આવે છે અને જેની ઉજવણી સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ વિશિષ્ટ રીતે કરવામાં આવીહતી.'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનાસહયોગથી વીર નર્મદ દ.ગુ.યુ.ના તુલનાત્મક સાહિત્ય વિભાગના ભૂતપૂર્વવડા

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં આજ રોજ ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા)માં આવેલ શાંતિનગર ઈન્ડ.સોસાયટીમાં કરવામાં આવેલ મંજુર પ્લાન વિરૂધ્ધના સી.ઓ.પી. માં બંધાયેલ બાંધકામને સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૭ (આંજણા)ફા.પ્લોટ નં.૧૧૦/૨ ના સબ પ્લોટ નં. ૧૧૦/બી/સી,થી નોંધાયેલ શાંતિનગર ઈન્ડ.સોસાયટી ખાતે આવેલ મિલ્કતમાં ટીડીઓ નં. ૧૦૩, તા.૨૦/૦૪/૮૩ થી મંજુર કરવામાં આવેલ પ્લાન વિરૂધ્ધ ખાડી કિનારે સી.ઓ.પી.ના પ્લોટમાં બાંધવામાં આવેલ મિલ્કતમાં સાઈઝીંગ બીમ બનાવતા કારખાનાના બોઈલર માંથી નિકળતી રાખ ઉકત મિલકતને લાગુ ખાડીમાં નાખતા હોવાનું ધ્યાને આવતા ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી તથા ડેપ્યુટી ઈજનેરશ્રી દ્વારા સ્થળ મુલાકાત લેતા સદર બાબતમાં તથ્ય જણાયેલ,તેમજ સદરહું ઈન્ડ.મિલ્કતના ડ્રેનેજ અને ગંદા પાણીના કનેકશન પણ સરેઆમ ખાડીમાં છોડવામાં આવતા હોવાનું ધ્યાને આવેલ. જેના અનુસંધાને ઝોન મારફત કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મિલ્કતદારશ્રી રસીકભાઈ માધાભાઈ સભાયા તેમજ અન્યોને સદર મિલ્કતના બોઈલર વિગેરે નો વપરાશ બંધ કરાવવા તાકિદ કરી નિયમોનુસાર સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીમાં ડે.ઈજનેરશ્રીઓ શહેર વિકાસનો સ્ટાફ તથા ઝોનનો દબાણ સ્ટાફ વિગેરેએ ભાગ લીધેલ.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૧૫.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૨૬** ફાઈલના **રૂા.૨૪.૮૨ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૭ લોકેશન(ખાડા)૩૦૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૧૯.૫૭૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ**–**૦૭** લોકેશન(ખાડા) **૬૩૫.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૦૮** લોકેશન **૩૩૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે. તથા પાણીના નવા કનેકશન **કુલ :૧૨૮** આપવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૯૨** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૦૩** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૩.૮૧** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૦.૯૯** લાખ થયેલ છે.,**૨૦** EC તથા **૧૨** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨૧૯૮/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૯૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૫૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૮૯** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૭૨.૧૬૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૨૮** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચ: **રૂા.૧૦,૬૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૦૦૫૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૧૭૬૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૪૪** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૫૪૬** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૦૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૩/૦૪/૨૦૧૫ થી તા.૧૪/૦૪/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૬૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૯૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૮૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૧૮૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૧૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૫૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૮૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩૯,૭૫,૦૦૯/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૯૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૫ એન્ટ્રીમાં રૂા.૭૪,૩૧૬/– અને આર.સી.ની ૬૪ એન્ટ્રીમાં રૂા.૭,૬૯,૦૧૩/– મળી કુલ રૂા.૮,૪૩,૩૨૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૨૨ એન્ટ્રીમાં રૂા.૬૮૦/–, રીન્યુઅલની ૧૮ એન્ટ્રીમાં રૂા.૯૨૦/– અને દંડની રકમની ૧૭ એન્ટ્રીમાં રૂા.૨,૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૧૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૮ ફાઈલોના રૂા.૧૧,૨૨,૦૯૪/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૩૧,૬૧૦/–, મંડપ ચાર્જના રૂા.૪,૭૨૨/–, દબાણ ચાર્જના રૂા.૧૧,૬૩૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૯૦૦/–, હોકીંગ ઝોન રૂા.૪,૦૪૬/– મળી કુલ રૂા.૧,૫૩,૯૦૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) હેઠળ આવતા માર્ગ પર આઈમાતા ચોક નજીક આવેલ અભિલાષા હાઈટસમાં તા.૧૩/૦૪/૧૫ ના રોજ માર્જીનમાં આવેલ પાર્કિંગવાળા ભાગમાં લારી ગલ્લાના દબાણને કારણે ટી.પી. રોડ પર પાર્કિંગ થતા ટ્રાફિક તથા પાર્કિંગ સમસ્યા અન્વયે શહેર વિકાસ સ્ટાફ, ઝોનનો દબાણ સ્ટાફ તથા ખાનગી ઈજારદારોના બેલદારો મળી કુલ ૨૦ થી વધુ બેલદારોની ટીમ દ્વારા જે.સી.બી. મશીન તથા ટ્રકોની મદદથી અભિલાષા હાઈટસના માર્જીન તથા લાગુ રસ્તા પર આવેલ દબાણ દુર કરી માર્જીનનો પાર્કિંગવાળો ભાગ ખુલ્લો કરવાની કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩૪(મગોબ–ડુંભાલ)ફા.પ્લોટ નં. ૧૬ માં ૬૦ મી. ટી.પી.રસ્તાને લાગુ ફ્રન્ટ માર્જીનના પાર્કિંગ વાળા ભાગમાં લારી ગલ્લાના દબાણના કારણે તથા સદર મિલ્કતનો ફ્રન્ટ માર્જીનવાળો ભાગ રોડ લેવલથી ૧.૫ થી ૨ ફુટ ઉંચુ કરેલ હોય સદર બિલ્ડીંગનું પાર્કિંગ ટી.પી.રોડ પર પાર્કિંગ થતા ટ્રાફિકની સમસ્થા થતી હોવાનું જણાયેલ હતું જે અન્વયે અગાઉ વારંવાર દબાણ દુર કરવામાં આવેલ હોવા છતાં દુકાનદારો દ્વારા માર્જીનની જગ્યા ભાડે આપતા હોવાનું જણાતા સદર લારી ગલ્લાનું દબાણ દુર કરી આશરે ૧૫ જેટલી લારી / કેબીનો જમા કરી તથા સદર મિલ્કતનું ૧૦૬ મી. ×૧૧ મી. માપ વિસ્તારનું ૧.૫ થી ૨ ફુટ ઉંચુ ફ્રન્ટ માર્જીન તેમજ રેમ્પ દુર કરવામાં આવેલ છે. સદર ટી.પી.રસ્તાને લાગુ ફ્રન્ટ માર્જીન દુર કરવામાં આવતા પાર્કિંગ ફીઝીબલ કરતા સ્થાનિકોમાં ખુશીની ભાવના ફેલાયેલ તેમજ સદર ટી.પી.રસ્તા પર આવેલ બિલ્ડીંગોમાં ફ્રન્ટ માર્જીનમાં દબાણ ન કરવા અંગે તથા પાર્કિંગના હેતુ જગ્યા પાર્કિંગ તરીકે વપરાશ થાય તે અંગે જાગૃતિ આવશે.

TOP

**પ્રેસનોટ**

ગોપીતળાવ ખાતે આવેલ વોર્ડ નં.૨, નોંધ નં.૪૮૯૩ તથા વોર્ડ નં.૩, નોંધ નં.૩૦૯૩ વાળી ટ્રસ્ટની જમીનમાં આવેલ કબજેદારોએ ના.ગુજરાત હાઈકોર્ટમાં એસ.સી.એ.નં.૧૫૦૮૬/૨૦૧૨ માં એસ.સી.એ.નં.૧૨૪૪૮/૨૦૧૩ દાખલ કરતાં, ના.ગુજરાત હાઈકોર્ટે તા.૧૮/૧૨/૧૪ થી કરેલ હુકમ મુજબ તમામ પક્ષકારોએ ગુજરાત રાજય વકફ બોર્ડની કચેરીમાં બે અઠવાડીયામાં રજુઆત કરવી અને વકફ બોર્ડે ત્રણ અઠવાડીયામાં સાંભળીને નિર્ણય કરવા માટે જણાવવામાં આવેલ, જે સંદર્ભે ગુજરાત રાજય વકફ બોર્ડ ધ્વારા તેઓનાં તા.૧૩/૦૩/૧૫ ના પત્રથી ના વાંધા પ્રમણપત્ર આપવામાં આવેલ છે.

સદર હકીકત ધ્યાને લઈ ગોપીતળાવના વિકાસની કામગીરીમાં નડતરરૂપ ઉપરોકત મિલ્કતમાં આવેલ ઝુંપડપટ્ટીનાં વસાહતીઓને વૈકલ્પિક આવાસ ફાળવવાનાં ભાગ રૂપે સ્પોટ સર્વે કરવાની કામગીરી શરૂ કરતાં જ ત્યાંના સ્થાનિક વસાહતીઓ તેમજ અન્ય ઈસમો ઘણા પ્રમાણમાં ભેગા થઈ ગયેલ અને સખત વાંધા–વિરોધ–અવરોધ ઉભા કરી સ્પોટ સર્વેની કામગીરી શરૂ કરવા દીધેલ નહીં. સ્થાનિક આગેવાનો, કોર્પોરેટરો તેમજ તેઓના એડવોકેટશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં હાજર અધિકારીશ્રીઓ તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ સમક્ષ વિવિધ રજુઆતો કરી સદર સર્વે કામગીરી કાયદા વિરુઘ્ધની હોવાનું, નામદાર ગુજરાત હાઈકોર્ટનાં હુકમ વિરુઘ્ધની હોવાનું, ગુજરાત રાજય વકફ બોર્ડનાં હુકમ/ના વાંધા પ્રમાણ વિરુઘ્ધની હોવાનું તથા કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટ નોંધાવીશું તેમ જણાવી, આજરોજ સદર સર્વેની કામગીરી બંધ રાખો તેવી રજુઆત કરી સ્પોટ સર્વેની કામગીરી શરૂ કરવા દેવામાં આવેલ નહીં. આ અંગે તેઓ પાસે ગુજરાત રાજય વકફ બોર્ડનો સદર કામગરી ન કરવા દેવા અંગેનો હુકમ માંગવામાં આવેલ, પરંતુ તેઓ રજુ કરી શકયા ન હતાં. આશરે બે કલાકની સખત જહેમત/વાદ–વિવાદના અંતે અત્રેથી સુરત મહાનગરપાલિકાનાં અધિકારીશ્રીઓ અને પોલીસ ઈન્સ્પેકટરો ધ્વારા ચર્ચા–વિચારણાને અંતે સમગ્ર પોકેટનાં સ્પોટ સર્વેની કામગીરી શરૂ કરવાનું નકકી કરવામાં આવેલ. ત્યાર બાદ સુરત મહાનગરપાલિકાનાં સમગ્ર સ્ટાફ–પોલીસ સ્ટાફ–સીકયોરીટી સ્ટાફ સહિત પોકેટ– એ થી સર્વેની કામગીરી શરૂ કરવામાં આવેલ, જેમાં શરૂઆતમાં જ પોલીસ સ્ટાફ ધ્વારા પરિસ્થિતી સંભાળી લેતાં આગળની કામગીરી ચાલુ રાખવામાં આવેલ. સમગ્ર સ્પોટ સર્વેની કામગીરી દરમ્યાન દરેક પોકેટમાં સમાવિષ્ટ ઝુંપડાઓને અત્રેથી નંબરીંગ કરવાની કામગીરી(સ્ટીકર ચોંટાડવાની), તેના ફોટો ગ્રાફસ અને વિડીયો ગ્રાફી કરવાની કામગીરી આશરે ૩ કલાકને અંતે પૂર્ણ કરવામાં આવેલ. સદર સ્પોટ સર્વેની કામગીરી દરમ્યાન સમગ્ર સ્થાનિક રહીશો ધ્વારા તેઓનાં કુટુંબોની વિગતવાર માહિતી સ્વેચ્છાએ આપેલ/લખાવેલ નથી.

સદર કામગીરી દરમ્યાન સેન્ટ્રલ ઝોનનાં ૪૩ કર્મચારીઓનો સ્ટાફ, કાર્યપાલક ઈજનેરશ્રી, ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રી, ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ અધિકારીશ્રી તથા તેઓનાં ડે.ટાઉન પ્લાનરશ્રી અને જુ.ઈજનેરશ્રીઓ, સુરત મહાનગરપાલિકાનાં સીકયોરીટી સ્ટાફ(૧૯), ફોટોગ્રાફર–૦૭, વિડીયો ગ્રાફર–૦૭ તેમજ સલાબતપુરા અને મહિધરપુરા પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ તથા પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રીઓ–૦૨ તેઓનાં ૩૫ કર્મચારીઓનાં સ્ટાફ સહિત કુલ મળીને ૧૨૪ અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ સ્થળ પર હાજર રહેલ હતાં.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ,તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે. અને છેલ્લા ૦૬( છ) દિવસ થી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તા.૦૯/૦૪/૨૦૧૫ ના રોજ અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતી અને મા. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના મુજબ આજરોજ ઉધના ઝોન ધ્વારા ૧૦ ઈજનેરી ટીમ અને ૫૦ માણસોનાં કાફલા સાથે વિવિધ સોસાયટી જેમકે માનવ કલ્યાણ કુટીર,અપેક્ષાનગર,કૈલાશનગર–વિ.૩,પુનિતનગર, વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૩૦ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી ,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે કામગીરી પ્રગતિ હેઠળ છે. આમ તા.૦૮/૦૪/૨૦૧૫ થી આજદિન સુધી કુલ ૧૪૦ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ, દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૪૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૬૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૫૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩૭,૬૨,૧૧૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૮૬ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૨ એન્ટ્રીમાં રૂા.૫૨,૮૭૦/– અને આર.સી.ની ૬૪ એન્ટ્રીમાં રૂા.૧૩,૬૯,૭૫૦/– મળી કુલ રૂા.૧૪,૨૨,૬૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૭ એન્ટ્રીમાં રૂા.૩૨૦/–, રીન્યુઅલની ૧૧ એન્ટ્રીમાં રૂા.૬૨૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૧,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૫ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૫૨ ફાઈલોના રૂા.૮,૯૯,૪૬૩/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૩૪,૪૯૪/–, મિલ્કત ભાડાના રૂા.૬૮/–, મંડપ ચાર્જના રૂા.૧,૪૫૧/–, દબાણ ચાર્જના રૂા.૧૦,૧૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૮૯૬/– મળી કુલ રૂા.૧,૪૯,૦૮૯/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૧૬.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૮૬ ફાઈલના **રૂા.૧૧.૯૩ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૪ લોકેશન(ખાડા)૧૯૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૧૪.૪૪૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૬** લોકેશન(ખાડા) **૨૭૦.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૯** લોકેશન **૨૯૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે. તથા પાણીના નવા કનેકશન **કુલ :૧૨૮** આપવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૧૨** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૪૨** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૨.૯૦** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૪૭** લાખ થયેલ છે.,**૧૨** EC તથા **૦૬** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨૦૮૬/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૬૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૮** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૩ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૮૦.૦૪૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૨૬** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૪૩૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૦૦૮૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૨૨૧૭૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૫૩** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૬૫૩** કરવામાં આવેલ છે. જયારે **૩૧** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદ

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.આજરોજ ઉધના ઝોન ધ્વારા કામગીરી ચાલુરાખી હરીઓમનગર, કર્મયોગી સોસાયટી વિ.૦૩, ઉમિયાનગર સોસાયટી વિ.૦૧, શાસ્ત્રીનગર વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૨૦ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જે કામગીરી પ્રગતિ હેઠળ છે.આજદિન સુધી કુલ–૧૬૦ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ, દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**TOP**

તા. ૧૬ /૦૪/ ૨૦૧૫

## ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા)શકિત વિજય સોસાયટી નહેરવાળા ડી.પી. રસ્તા પર દબાણ /ડિમોલીશનની કામગીરી.

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) શકિત વિજય સોસાયટીમાંથી નહેરવાળા ડી.પી.રસ્તા પર મકાનો/ ઝુપડા અસર હેઠળ આવે છે. જે પૈકી કેનાલ રોડની અસરમાં દબાણ કરી સદર નહેર/ રસ્તા પૈકીના ભાગમાં બનેલ બાંધકામ પૈકી અગાઉ પણ અસર હેઠળ આવતા મકાનો/ ઝુપડા ને વૈકલ્પિક આવાસ આપી ડિમોલીશન કરવામાં આવેલ તેમજ આજરોજ બીજા તબકકામાં પતરાના શેડ, ગોડાઉન, હોલ, આર.સી.સી. પાકા મકાનો/ઝુંપડા મળી કુલ આશરે ૨૭ જેટલી મિલકતો તોડીને આશરે કુલ ૮૦૦૦.૦૦ ચો.ફુટ જેટલી રસ્તા પૈકીનો ભાગ ખુલ્લો કરવામાં આવેલ છે. સ્થળ પર લોકટોળા જમા થઈ આંશિક વાંધો–વિરોધ થયેલ પરંતુ સ્થળ પર હાજર પોલીસ સ્ટાફે પરિસ્થિતિને નિયંત્રણમાં કરેલ હતી.

ઉપરોકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કચેરીના કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના કર્મચારી, દબાણ ખાતાના સ્ટાફ તથા પોલીસ સ્ટાફ તથા જે.સી.બી. મશીન તથા અન્ય સાધનો દ્વારા શાંતિપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ

વહીવટી કારણોસર સુરત મહાનગરપાલિકામાં ઈલેક્ટ્રીક વિભાગમાં ડેપ્યુટી ઈજનેર(ઈલે.) ૦૫, આસી. ઈજનેર (ઈલે.) ૧૨, જુનીયર ઈજનેર (ઈલે.) ૧૦, મેઈન્ટેનન્સ આસી. (ઈલે.) ૩૦, ફસ્ટ કલાસ ઈલે. સુપરવાઈઝર : ૨૦, કુલ ૭૭ અધિકારી/કર્મચારીની બદલી કરવામાં આવી છે.

**ડેપ્યુટી ઈજનેર(ઈલે.) ૦૫**

| અ.નં. | નામ | હાલનું ખાતુ | બદલીનું ખાતુ |
|---|---|---|---|
| ૧ | શ્રી બી.એચ. ખેડે | હાઈડ્રોલિક વિભાગ | હાઉસીંગ વિભાગ |
| ૨ | શ્રી એન. આર. રામાવત | હાઉસીંગ વિભાગ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ |
| ૩ | શ્રી કે. ટી. પટેલ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ | હાઈડ્રોલિક વિભાગ |
| ૪ | શ્રી આર.સી. ગામીત | ડ્રેનેજ વિભાગ | હાઈડ્રોલિક વિભાગ |
| ૫ | શ્રી એ. જી. માંગુકીયા | હાઈડ્રોલિક વિભાગ | ડ્રેનેજ વિભાગ |

આસી. ઈજનેર(ઈલે.) ૧૨

| અ.નં. | નામ | હાલનું ખાતુ | બદલીનું ખાતુ |
|---|---|---|---|
| ૧ | શ્રી એસ. ડી. પરવટીયા | હાઈડ્રોલિક ખાતુ | ડ્રેનેજ વિભાગ |
| ૨ | શ્રી વી. એન. મહેતા | ડ્રેનેજ વિભાગ | હાઈડ્રોલિક વિભાગ |
| ૩ | શ્રી એસ.આર. પટેલ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ | ડ્રેનેજ વિભાગ |
| ૪ | શ્રી એન. આર. પટેલ | ડ્રેનેજ વિભાગ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ |
| ૫ | શ્રી એમ.ડી. પટેલ | હાઈડ્રોલિક ખાતુ | નોર્થ ઝોન |
| ૬ | શ્રી પી. કે. પંડયા | નોર્થ ઝોન | હાઈડ્રોલિક ખાતુ |
| ૭ | શ્રી એ. બી. પટેલ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ ફરજ બી.આર.ટી.એસ. | વેસ્ટ ઝોન સંજીવકુમાર ઓડી. ની ઈલેકટ્રીકલ સુપર વીઝનની લગતી વધારાની કામગીરી |
| ૮ | શ્રી એમ. એમ. પટેલ | વેસ્ટ ઝોન સંજીવકુમાર ઓડી. ની ઈલેકટ્રીકલ સુપર વીઝનની લગતી વધારાની કામગીરી | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ ફરજ બી.આર.ટી.એસ. |
| ૯ | શ્રી ડી.ટી. વાઘેલા | ડ્રેનેજ વિભાગ | હાઉસીંગ વિભાગ |
| ૧૦ | શ્રી એસ.પી.દેસાઈ | હાઉસીંગ વિભાગ | ડ્રેનેજ વિભાગ |
| ૧૧ | શ્રી જે. જે. અઘાડી | સાઉથ ઝોન | સેન્ટ્રલ ઝોન |
| ૧૨ | શ્રી આર.સી. શાહ | સેન્ટ્રલ ઝોન | સાઉથ ઝોન |

જુની. ઈજનેર(ઈલે.) ૧૦

| અ.નં. | નામ | હાલનું ખાતુ | બદલીનું ખાતુ |
|---|---|---|---|
| ૧ | શ્રી એચ. ડી. પટેલ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ | સાઉથ ઝોન |
| ૨ | શ્રી વી. એસ. પસ્તાગીયા | સાઉથ ઝોન | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ |
| ૩ | શ્રી કે. વી. વાણીયા | વેસ્ટ ઝોન | હાઈડ્રોલિક વિભાગ |
| ૪ | શ્રી પી. પી.ગોહીલ | હાઈડ્રોલિક | ડ્રેનેજ વિભાગ |
| ૫ | શ્રી પી. આઈ. મગજવાલા | ડ્રેનેજ વિભાગ | સાઉથ વેસ્ટ ઝોન |
| ૬ | શ્રી વાય એન. પપોલી | સાઉથ વેસ્ટ ઝોન | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ |
| ૭ | શ્રી એ. કે. દેસાઈ | લાઈટ એન્ડ એનર્જી એફી. સેલ ફરજ વર્કશોપ | સાઉથ ઈસ્ટ ઝોન |
| ૮ | શ્રી એન. આર. રામાવત | સાઉથ ઈસ્ટ ઝોન | ઈસ્ટ ઝોન |
| ૯ | શ્રી આર. જી. રાદડીયા | ઈસ્ટ ઝોન | નોર્થ ઝોન |
| ૧૦ | શ્રી પી. ડી. પટેલ | નોર્થ ઝોન | વેસ્ટ ઝોન |

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં. ૧૬ માં આવેલ ન્યુ.નારાયણનગર વિભાગ–૨ ના પ્લોટ નં. ૨૭ થી ૩૦ માં ઈન્ડસ્ટ્રીયલ હેતુસરના બાંધકામ મંજુર કરવામાં આવેલ. તેના મિલ્કતદારશ્રી અશોકભાઈ દ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ ત્રીજામાળનું બાંધકામ કરવામાં આવેલ.સદર બાંધકામ અત્રેના ઝોનના સ્ટાફ દ્વારા વારંવાર અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર દ્વારા બાંધકામ ચાલુ જ રાખતા આજરોજ તા.૧૭/૦૪/૧૫ ના રોજ ઝોનના દબાણ વિભાગ, શહેર વિકાસ વિભાગ અને ખાનગી કોન્ટ્રાકટરના ૨૦ બેલદારો, ૪ બ્રેકર મશીન દ્વારા ડીમોલીશનની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ જેમાં ૩૨'×૮૦' માપવિસ્તારમાં આર.સી.સી. સ્લેબ તથા ચણતર કામ સહિતનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

TOP

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ પ્રેસનોટ

૧. સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૦/૦૪/૨૦૧૫ થી તા.૧૬/૦૪/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૯૨૩૦ |
| ૨ | દાખલ દર્દી | | ૮૩૫ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૪૧૦ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૨૮ |
| ૫ | ડીલીવરી | | ૧૦૧ |
| ૬ | ઓપરેશન | નાના | ૧૩૧ |
| | | મોટા | ૯૧ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૪૯૮ |
| | સોનોગ્રાફી | | ૪૯૯ |
| | એમ.આર.આઈ. | | ૧૪૫ |
| | સી.ટી.સ્કેન | | ૧૫૬ |
| ૮ | એ.આર.વી. | નવા | ૬૮ |
| | | જુના | ૧૮૬ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૩૧૬ |
| | | ઈસ્યુ | ૩૬૭ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૦૫૭૩ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૧/૦૪/૧૫ થી તા.૧૭/૦૪/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૪૬૦ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૬૪ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૫૯ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૫ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૭ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૭ |

TOP

## પ્રેસનોટ પૂર્વ ઝોન (વરાછા) સુરત મહાનગરપાલિકા

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછા ઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના નાના વરાછા તેમજ મોટા વરાછા વિસ્તારમાં "મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" કાર્યક્રમના ભાગરૂપે તા.૧૭ એપ્રીલ ૨૦૧૫ ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછા ઝોન નાના વરાછા તેમજ મોટા વરાછા વિસ્તારના આરોગ્ય તેમજ ઈજનેરી વિભાગ ના **૪૬**– સુપરવાઈઝરી સ્ટાફ તથા **૨૦૨** –સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૨૨ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત **,૦૩** –શૈક્ષણિક સંસ્થાની સફાઈ **,૦૩** ટ્રાફિક સર્કલની સફાઈ,**૦૨** રેસ્ટોરન્ટ ચેક કરી **૧૪** કિલો ગ્રામ અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ સફાઈ ની **૦૬**, ડ્રેનેજ ઓવરફલો **૦૨** તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની **૦૭** ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ **૧૨** કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી કરાવેલ છે.આરોગ્ય વિભાગ દ્વારા ૧૫ કલોરીન ટેસ્ટ કરવાની કામગીરી કરાવવામાં આવી. .

સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા **૪૯** ઈસમોને નોટીસ આપવાની તથા **૬૨** ઈસમો પાસેથી **રૂા.૧૪૫૦૦/**– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૯૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૪૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૮૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૯૩ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૨,૯૫,૩૮૧/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૩ એન્ટ્રીમાં રૂા.૭૬,૦૨૮/– અને આર.સી.ની ૩૮ એન્ટ્રીમાં રૂા.૧,૮૨,૭૨૬/– મળી કુલ રૂા.૨,૫૮,૭૫૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૧૧ એન્ટ્રીમાં રૂા.૭૨૦/– અને દંડની રકમની ૧૧ એન્ટ્રીમાં રૂા.૧,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૭ ફાઈલોના રૂા.૧૭,૭૦,૮૦૯/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૨૧,૧૪૦/–, મિલ્કત ભાડાના રૂા.૭,૯૦૨/–, મંડપ ચાર્જના રૂા.૩૧૫/–, હોકીંગ ઝોન રૂા.૪,૦૪૪/–, દબાણ ચાર્જના રૂા.૨,૪૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૭૦૦/– મળી કુલ રૂા.૧,૩૬,૫૮૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.આજરોજ ઉધના ઝોન ધ્વારા કામગીરી ચાલુરાખી જગન્નાથ ટેમ્પલ, જગન્નાથ નગર, દેવેન્દ્ર નગર, ગૌરી નગર, ગણપત નગર, મહાદેવ નગર વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૧૦ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જે કામગીરી પ્રગતિ હેઠળ છે.આજદિન સુધી કુલ–૧૭૦ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ, દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૦/૦૪/૨૦૧૫ ના રોજ BRTS ફેઝ–૧ ના રૂટનું લોકાર્પણ તથા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી કન્વેનશન હોલ, ઉધના–મગદલ્લા રોડ, સુરત ખાતે રાખવામાં આવેલ છે.

## બી.આર.ટી.એસ. પ્રોજેકટ–ફેઝ–૧

સુરત શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશન સેવા પૂરી પાડવા માટે ઓગષ્ટ–૨૦૦૭ માં PPP ધોરણે સીટી બસ સેવા શરૂ કરવામાં આવેલ. તેના ભાગરૂપે ભારત સરકારની JnNURM યોજના હેઠળ દેશના શહેરી વિસ્તારોમાં માસ ટ્રાન્સપોર્ટેશન સુવિધા આ યોજના અંતગત શહેરી વિસ્તારોમાં, માસ ટ્રાન્સપોર્ટેશન માટે બસ સર્વીસ માટે અલગ લેન આપી આધુનિક, ઝડપી, સુરક્ષીત તથા એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા આવવામાં થતો માનવ સમયનો બચાવ તથા વધુ સગવડો આપી, વધારેમાં વધારે માણસોને તેમના અંગત વાહનોનો વપરાશ ઓછો કરી જાહેર પરિવહનમાં મુસાફરી કરવા પ્રેરીત કરવાના છે. જેથી રસ્તાઓ પર પ્રાઈવેટ તથા બીજા પબ્લીક વાહનો ઓછા કરી ટ્રાફીક સમસ્યા હળવી કરી શકાય આ ઉપરાંત તેમા દરેક મોડનાં ટ્રાફિક માટે અલગ–અલગ લેન જેમ કે, સાયકલ, મીક્ષ ટ્રાફિક, સર્વીસ લેન માટે અલગ ટ્રેક આપીને ટ્રાફિકને વધુ સુરક્ષીત ઝડપી વહન કરી શકે તેમજ પ્રદુષણને લીધે થતી એન્વાયરોમેન્ટની સમસ્યાઓ હળવી કરી શકાય.

ઉધના દરવાજાથી સચીન સુધીનો બી.આર.ટી. કોરીડોર (૧૦ કી.મી.) :– તા.૧૪/૦૨/૨૦૧૪ નાં રોજ આપણાં દેશનાં હાલનાં લોકલાડીલા વડાપ્રધાનશ્રી તેમજ તત્કાલીન મુખ્યમંત્રીશ્રીનાં વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવેલ, જેમાં હાલમાં ૧૨ બસ + ૦૨ બસ–સ્ટેન્ડબાય કાર્યરત છે.

કેનાલ કોરીડોર (ડુમસ રીસોર્ટ થી શરૂ થઈ યુનિવર્સીટી માર્ગ, અણુવ્રત દ્વાર (સીટી લાઈટ) ખરવરનગર જંકશન,ભાઠેના પુણા જકાતનાકા થઈ સરથાણા જકાત નાકા સુધી કુલ ૨૦.૦૦ કિ.મી લંબાઈ) જેનું તા.૨૦/૦૪/૨૦૧૫ નાં રોજ ગુજરાત રાજયનાં માન.મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલનાં વરદ હસ્તે લોકાર્પણ રાખવામાં આવનાર છે. આ રૂટમાં ૨૬ બસ + ૦૪ બસ–સ્ટેન્ડબાય કાર્યરત થનાર છે. આ કેનાલ કોરીડોરમાં રૂા.૩૩૫.૦૦ કરોડના ખર્ચે ૨૦ કી.મી.નો બી.આર.ટી.એસ. કોરીડોર બનાવવામાં આવેલ છે.

- બી.આર.ટી.એસ. માટે અધતન, એરકંડીશન, ઓટોમેટીક ડોર, એટ લેવલ બોર્ડીગ એન્ડ અલાઈટીંગ સેવાથી પરીપૂર્ણ ૧૨.૦૦ મી. લંબાઈની બસો સેવા પુરી પાડશે.જેમાં વિકલાંગો, મહિલાઓ અને સિનીયર સીટીઝન માટે અલાયદી બેઠક વ્યવસ્થા રાખવામાં આવેલ છે.
- તેમાં ઓડીયો–વીઝયુઅલ પેસેન્જર ઈન્ફોર્મેશન સીસ્ટમ, સી.સી. કેમેરા, જી.પી.એસ.થી બસનું મોનીટરીંગ અને સંચાલન અંગેની યાંત્રિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવેલ છે.
- ઓફ બોર્ડ પધ્ધતિથી ટીકીટો, ઓટોમેટિક ફેર કલેકશન સીસ્ટમ જેવી સુવિધાઓથી મુસાફરોના સમયની બચત અને પારદર્શી સેવા ઉપલબ્ધ થશે.
- બી.આર.ટી.એસ. ની સેવામાં પ્રથમ વખત મલ્ટીપર્પઝ કાર્ડ તરીકે S-Connect કાર્ડનો ઉપયોગ શરૂ કરવામાં આવેલ છે. જેમાં રજીસ્ટર્ડ તથા નોન રજીસ્ટર્ડ એમ બે પ્રકારનાં કાર્ડની સુવિધા રહેશે.

- S-Connect કાર્ડનો ઉપયોગ બી.આર.ટી.એસ. ની સેવા ઉપરાંત સુરત મહાનગરપાલિકાની અન્ય સેવાઓ જેવી કે, સીટી બસ, પે એન્ડ પાર્ક, સ્કુલ, લાયબ્રેરી, એકવેરીયમ, સ્વીમીંગ પુલ, સીટી સીવીક સેન્ટર વિગેરેમાં કરી શકાશે.

**બી.આર.ટી. સીસ્ટમનાં ફાયદા**

- બસમાં ચડવા–ઉતરવા માટે પ્લેટફોર્મ લેવલ, બસનાં ફલોર લેવલ મુજબ રાખવામાં આવેલ છે. જેથી મુસાફરો ઝડપથી અને આસાનીથી બસમાં ચઢી–ઉતરી શકે.
- સલામત, કિફાયતી અને આરામદાયક પરિવહન સેવા
- ઝડપી અને ભરોસાપાત્ર જાહેર પરિવહન સેવા
- જાહેર પરિવહનનાં લીધે હવાનાં પ્રદૂષણમાં ઘટાડો થવાથી પર્યાવરણની ગુણવત્તામાં સુધારો થશે.
- અલાયદી લેનનાં આયોજનથી અકસ્માતોમાં ઘટાડો થશે અને ઝડપી સેવા પૂરી પાડી શકાશે.
- પ્રાઈવેટ વાહનોની સંખ્યામાં ઘટાડો કરી શકાશે.
- અલગ સાયકલ ટ્રેક હોવાથી સાયકલના વપરાશને ઉત્તેજન મળશે.
- IT આધારિત કાર્યક્ષમ પ્રણાલી

સ્વર્ણિમ જંયતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ ( SJMMVY )યોજના હેઠળ મીંઢોળા રીવર રિહેબીલીટેશન પ્રોજેકટ અંતર્ગત સાકારિત થયેલ વડોદ–જીઆવ સુએઝ સીસ્ટમનો અંદાજિત ખર્ચ રૂા.૧,૨૬૭.૭૫ લાખ થયેલ છે.સુએઝ પંપીગ સ્ટેશનની ક્ષમતા ૩૦.૫૮ એમ.એલ.ડી.છે.જેમાં ૨,૩૮,૯૧૪(સને ૨૦૪૧) ની સંભવિત વસ્તી આવરી લેવામાં આવશે.

સ્વર્ણિમ જંયતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ ( SJMMVY )યોજના હેઠળ મીંઢોળા રીવર રિહેબીલીટેશન પ્રોજેકટ અંતર્ગત સાકારિત થયેલ સોનારી`ઉન(મેઈન્) સુએઝ સીસટમનો અંદાજિત ખર્ચ રૂા.૧,૨૨૬.૨૨ લાખ થયેલ છે.સુએઝ પંપીગ સ્ટેશનની ક્ષમતા ૨૭ એમ.એલ.ડી.છે.૧,૬૮,૬૬૦(સને ૨૦૪૧) ની સંભવિત વસ્તી આવરી લેવામાં આવશે સાઉથ ઝોન(ઉધના) વિસ્તારમા ટી.પી. સ્કીમ નં.૭૨(બમરોલી)ના ૪૫.૦૦ મીટરના ટી.પી. રસ્તામા આવતી ભેદવાડ ખાડી ઉપર પુલ બાંધવાનું કામ નો અંદાજિત ખર્ચ રૂા.૭૯૯.૪૪ લાખ થયેલ છે.સુરત મહાનગરપાલિકા મારફત ટી.પી. સ્કીમ નં.૪૩(ભીમરાડ) અને ટી.પી.સ્કીમ નં.૭૨ (બમરોલી) વચ્ચે કાંકરાખાડી ઉપર હયાત ૪૫.૦૦ મીટરના ટી.પી.રોડની પહોળાઈને અનુરૂપ પુલ બાંધવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. સદર પુલના કારણે ભીમરાડ, વી.આઈ.પી.રોડથી વડોદ, જીયાવ , બુડીયા, ભેસ્તાન તથા સચીન અને નવસારી તરફ જતાં વાહનોને નેશનલ હાઈવે નં.૬ થી ધુલીયા મહારાષ્ટ્ર સુધી તથા આ નેશનલ હાઈવે નં.૬ થી મુંબઈ–દિલ્હીના નેશનલ હાઈવે નં.૮ ને પણ પલસાણા નજીક જોડશે. આમ, શહેરના દક્ષિણ ભાગની હાઈવે તરફ જવા–આવવા માટે સીધી રોડ કનેકટીવીટીની સુવિધા ઉભી થયેલ છે. જેના કારણે વાહનોના ઈંધણ તથા સમયનો બચાવ થશે. સદર બ્રીજના કારણે અંદાજે ૨ લાખ જેટલા લોકોને ફાયદો થશે.

સ્વર્ણિમ જંયતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ ( SJMMVY )યોજના હેઠળ મીંઢોળા રીવર રિહેબીલીટેશન પ્રોજેકટ અંતર્ગત સાકારિત થયેલ ઉન – સોનારી`ઉન (ઈન્ટરમીડીએટ) સુએઝ સીસ્ટમનો અંદાજિત ખર્ચ રૂા.૫૫૭.૨૮ લાખ થયેલ છે.સુએઝ પંપીંગ સ્ટેશનની ક્ષમતા ૪.૪૨એમ.એલ.ડી છે જે ૩૯,૫૦૦(સને ૨૦૪૧) ની સંભવિત વસ્તી ને આવરી લેવામાં આવશે.

ડીડોલી–ભેદવાડ–ભેસ્તાન ડ્રફટ ટી.પી.સ્કીમ નં.૬૨,રીઝર્વેશન પ્લોટ નં.પી/૬૬,બ્લોક નં.૨૭૩/૨૭૪ આમે જ કરી બનતાં ઓરીજનલ (મુળ) પ્લોટ નં.૭૭/બી માં આધુનિક એલીવેટેડ સેમીકલોઝડ બોડી ટાઈપ રીફયુઝ ટ્રાન્સફર સ્ટેશન બાંધકામ કરવાનું કામ નો અંદાજિત ખર્ચ રૂા.૫૦૬.૬૩ લાખ થયેલ છે.

સુરત મહાનગરપાલિકાના વિવિધ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,સ્મીમેર મેડીકલ કોલેજ,નગર પ્રાથમિક સ્કુલો,મલ્ટી પર્પઝ હોલ,મલ્ટીલેવલ પાર્કિંગ તથા કચેરીઓ ખાતે સ્થાપવામાં આવેલ છે.જેનો અંદાજિત ખર્ચ રૂા.૪૩૯.૦૦ લાખ થયેલ છે.જેમાં કુલ વાર્ષિક અપેક્ષિત વીજ ઉત્પાદન ૭,૪૧,૪૫૫ યુનિટ થશે.જેનાથી સુરત મહાનગરપાલિકાને અપેક્ષિત આર્થિક ફાયદો રૂા.૮૧ લાખ જેટલો થશે.

શહેરમાં જુદા જુદા સ્થળોએ ડીઝાઈન, બીલ્ટ, ઓપરેટ અને ટ્રાન્સફરનાં ધોરણે ફુટ ઓવર બ્રીજ બનાવવાનું કામ પૈકી ઉધના રોડ –સ્વામી નારાયણ મંદિર પાસેનાં ફુટ ઓવર બ્રીજ બનાવવાનું કામનો અંદાજિત ખર્ચ રૂા.૨૭૫.૦૦ લાખ થયેલ છે.જેમાં અન્ય સુવિધાઓ જેવીકે

- – બન્ને બાજુ ચઢવા માટે ૩.૦૦ ફુટ પહોળાઈના એસ્કેલેટર
- – બંને બાજુ લીફટ ૦૮ પેસેન્જ કેપેસીટી (વિકલાંગ વ્યકિત માટે)
- – સી.સી.ટી.વી. કેમેરા
- – સીકયુરીટી ગાર્ડ / લીફટમેન /સફાઈ કર્મચારી
- – સાઈનેજીસ બોર્ડ / ધડીયાળ ઉપલબ્ધ થશે.

JnNURM યોજના અંતર્ગત વરીયાવ ટી.પી.સ્કીમ નં.૩૬, ફા.પ્લોટ નં.૧૦૭ ખાતે ૫૪ લાખ લીટર ક્ષમતાની બુસ્ટર હાઉસ સહિતની ભૂગર્ભ ટાંકી ૮ધમકઢ,૯ બનાવવાનો અંદાજિત ખર્ચ રૂા.૨૪૪.૯૯ લાખ થયેલ છે.

JnNURM યોજના અંતર્ગ વરીયાવ ટી.પી.સ્કીમ નં.૩૬, ફા.પ્લોટ નં.૧૦૭ ખાતે ૨૧ લાખ લીટર ક્ષમતાની ૨૪ મીટર સ્ટેજીંગ હાઈટ ધરાવતી આર.સી.સી. ઓવરહેડ ટાંકી (ESR-V-3) બનાવવાનો અંદાજિત ખર્ચ રૂા.૭૪૪.૯૯ લાખ થયેલ છે.

આ પ્રસંગે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ના પ્રમુખ સ્થાને રોજ BRTS ફેઝ–૧ ના રૂટનું લોકાર્પણ તથા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી, શ્રીમતી આનંદીબેન પટેલના વરદહસ્તે રાખવામાં આવેલ છે. જે પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

સાઉથ ઝોન (ઉધના) વિસ્તારમાં ટી.પી. રસ્તામાં / શહેર વિકાસના કામોમાં નડતરરૂપ જયભીમશકિતનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૪૪ લાભાર્થીઓ તથા પંચશીલનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદીના–૦૩ લાભાર્થીઓ મળી કુલ–૪૭ લાભાર્થીઓને વડોદ રે.સ.નં. ૩૧/૧ ખાતે (૪૪ લાભાર્થીઓ) તથા વડોદ રે.સ.નં. ૧૨ ખાતે (૩ લાભાર્થીઓ) ને સંપૂર્ણ સુવિધાયુકત બે રૂમ, રસોડુ, સંડાશ, બાથરૂમની સગવડવાળા JnNURM-BSUP Redevelopment અંતર્ગતના આવાસોમાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા. ૧૯.૦૩.૨૦૧૫ ના રોજ સાંજે ૪.૩૦ કલાકે દબાણ ડેપો,સાઉથ ઝોન (ઉધના) કચેરી ખાતે, સાઉથ ઝોન (ઉધના) ના તથા સ્લમ અપગ્રેડેશન વિભાગના અધિકારી / કર્મચારીઓની તેમજ સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિના ચેરપર્સન શ્રીમતિ મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ છે. સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉંચુ લાવી શકાશે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૭/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૦૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૨૩૪ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૧૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૭ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૧૫ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૨,૦૮,૨૦૯/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૩૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૧ એન્ટ્રીમાં રૂા.૨૩,૩૫૦/– અને આર.સી.ની ૨૩ એન્ટ્રીમાં રૂા.૩,૫૬,૨૬૨/– મળી કુલ રૂા.૩,૭૯,૬૧૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૮૬૦/– અને દંડની રકમની ૧૪ એન્ટ્રીમાં રૂા.૩,૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૧ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૧૯ ફાઈલોના રૂા.૩,૭૦,૪૪૭/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૬૫,૧૭૮/–, મંડપ ચાર્જના રૂા.૨,૮૬૬/–, દબાણ ચાર્જના રૂા.૭,૬૧૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૯૦૦/– મળી કુલ રૂા.૭૬,૫૫૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૬ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેર વિકાસ ખાતા ધ્વારા તા.૧૮/૦૪/૨૦૧૫ ના રોજ ડ્રાફટ ટી.પી.સ્કીમ નં.૪૩(જહાંગીરાબાદ)ના ૪૫.૦૦ મી.ના ટી.પી.રોડ(ભેંસાણ રોડ)માં આવેલ ૫(પાંચ) રેસીડેન્સીયલ કાચા પાકા રૂમોનું તથા પાકા તબેલાનાં બાંધકામો દૂર કરી આશરે ૧૦૫૦.૦૦ ચો.ફૂટ જેટલી રસ્તા પૈકીની જગ્યાનો કબ્જો ખુલ્લો કરવામાં આવ્યો. સદર ડીમોલીશન કરવાથી ટી.પી.રોડ પર ડ્રેનેજ લાઈન તથા સી.સી. રોડ બનાવવાની કામગીરી ટુંક સમયમાં હાથ ધરી શકાશે.

ઉપરોકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણના સ્ટાફ ધ્વારા સફળતા પૂવર્ક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.આજરોજ ઉધના ઝોન ધ્વારા કામગીરી ચાલુરાખી પુનિટ નગર,જય જવાન જય કિસાન સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૧૦ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જે કામગીરી પ્રગતિ હેઠળ છે.આજદિન સુધી કુલ–૨૨૧ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ, દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા)ના ફા.પ્લોટ નં. ૧૫ માં આવેલ ઈશ્વરનગર ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં થયેલ ગેરકાયદેસર બાંધકામ વિરૂધ્ધ આજરોજ તા.૧૮/૦૪/૧૫ ના રોજ ઝોન કચેરી દ્વારા આકરા પગલા લેવામાં આવેલ હતા.

મોજે પરવટમાં આવેલ ઈશ્વરનગર ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીમાં પ્લોટ નં. ૧૨૯/એ ના મિલ્કતદારો દ્વારા કોઈ પણ જાતની મંજુરી વગર ગ્રાઉન્ડ ત્ર બે માળનું ઈન્ડ.હેતુ અંગેનું બાંધકામ ચાલુ કરવામાં આવેલ. સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના સ્ટાફ દ્વારા આ બાંધકામને વારંવાર અટકાવવામાં આવેલ. મિલ્કતદારને વારંવાર ચેતવણી પણ આપવામાં આવેલ. પંરતુ મિલ્કતદારો દ્વારા ઝોન કચેરી દ્વારા આપવામાં આવેલ ચેતવણીને અવગણીને પણ બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હતું. આથી આજરોજ તા.૧૮/૦૪/૧૫ ના દિવસે લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ,દબાણ વિભાગ દ્વારા સદરહુ બાંધકામનું ડીમોલીશનની કાર્યવાહીમાં આશરે ૨૫ જેટલા ખાનગી કોન્ટ્રાકટરના માણસો,ઝોનના દબાણ સ્ટાફના આશરે ૧૦ બેલદારો,ચાર જેટલા બ્રેકર મશીન,કટર મશીનોનો ઉપયોગ કરી આશરે ૧૨૦૦ ચો.ફુટ જેટલો આર.સી.સી. સ્લેબ અને ૮૦૦ ચો.ફુટ જેટલુ ચણતર કામનુ ડીમોલીશન કરવામાં આવેલ. અને ડીમોલીશન ચાર્જ પેટે મિલ્કતદાર પાસે રૂા. ૧,૦૦,૦૦૦/– જેટલી રકમ વસુલવામાં આવેલ હતી.

ત્યારબાદ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા ડીંડોલી વિસ્તારમાં કૈલાશનગર સોસાયટીમાં ચાલતા બાંધકામને ડીમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ લિંબાયત ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)માં આવેલ કૈલાશનગર સોસાયટીના પ્લોટ નં. ૯૬ ના મિલ્કતદારો દ્વારા રેસીડેન્સીયલ સોસાયટીમાં ગ્રાઉન્ડ ત્ર બે માળનું બાંધકામ ચાલુ કરેલ જેમાં મિલ્કતદારો દ્વારા ખોલી ભાડે આપવાના કોમર્શીયલ હેતુનું બાંધકામ કરવાનું આયોજન કરેલ.લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા સદર બાંધકામને વારંવાર અટકાવવામાં આવેલ.તથા આ અગાઉ મિલ્કતદાર દ્વારા કરવામાં આવેલ સેન્ટીંગ અને શટરીંગ ખોલી નાંખવા જેવી કાર્યવાહી પણ કરવામાં આવેલ પરંતુ મિલ્કતદારો દ્વારા કોઈપણ જાતની ચેતવણીને અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ હતું. આથી આજરોજ લિંબાયત ઝોનના શહેર વિકાસ વિભાગ દ્વારા,દબાણ વિભાગ અને ખાનગી કોન્ટ્રાકટરોના અંદાજે ૩૦ જેટલા માણસો મળી કૈલાશનગરના પ્લોટ નં. ૯૬ ના બીજામાળનો આશરે ૬૦૦ ચો.ફુટ જેટલો આર.સી.સી.સ્લેબ ડીમોલીશન કરવામાં આવેલ હતો. અને મિલકતદાર પાસેથી રૂા. ૧૫,૦૦૦/– વસુલવામાં આવેલ હતા.

તદુઉપરાંત સદરશહુ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી)માં આવેલ માન સરોવર સોસાયટીના પ્લોટ નં.૬૧,૬૨ માં મિલ્કતદાર દ્વારા ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ આશરે ૯૦૦ ચો.ફુટ જેટલા આર.સી.સી સ્લેબને પણ ડીમોલિશ કરી મિલ્કતદાર પાસેથી રૂા.૨૦,૦૦૦/– વસુલવામાં આવેલ હતા.

TOP

## પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૨૦/૦૪/૨૦૧૫ ના રોજ BRTS ફેઝ–૧ નો, ડુમસ રીસોર્ટ "Y" જંકશન થી સરથાણા જકાતનાકા સુધીના ૨૦.૦૦ કિ.મી.લંબાઈના બીજા રૂટની લોકાર્પણવિધિ તથા વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત વિકાસના વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્દહસ્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસીર્ટીના કન્વેશન હોલમાં સંપન્ન કરવામાં આવી

આ પ્રસંગે માન.કમિશનરશ્રીએ સુરત મહાનગરપાલિકા ના મંચસ્થ મહાનુભાવોને અવકાર્યા હતા સુરત મહાનગરપાલિકા ધ્વારા રૂા.૩૯૦૮૨.૧૫ લાખના ખર્ચે વિવિધ ઝોન વિસ્તારમાં સાકારિત લોકાર્પિત થનાર વિકાસના વિવિધ પ્રકલ્પોની તકતીની અનાવરણવિધિ પ્રસંગે અત્રે પધારેલ ગુજરાત રાજયના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને અન્ય મચંસ્થ મહાનુભાવોને આવકાર્યા હતા અને સુરત મહાનગરપાલિકા ધ્વારા સાકારિત BRTS ફેઝ–૧,વડોદ–જીઆવ,સોનારી,ઉન–સોનારી



વિસ્તારમાં સાકારિત સુએજ સીસ્ટમ તથા ભેદવાડ ખાડી બ્રીજ,આધુનિક રીફ્યુઝ ટ્રાન્સફર સ્ટેશન,વિવિધ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ,સ્મીમેર મેડીકલ કોલેજ,નગર પ્રાથમિક શાળાઓ,મલ્ટીપર્પઝ હોલ,મલ્ટીલેવલ પાર્કિંગ ,સોલાર પાવર પ્લાન્ટ,ફુટ ઓવર બ્રીજ,જળ વિતરણ મથક તથા ૨૧ લાખ લિટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી તથા સુરત વાઈ–ફાઈ સેવાનું લોન્ચીંગ વિગેરે જેવા પ્રકલ્પો વિશે માહિતી આપી હતી અને શહેરીજનોને આ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યા હતો.

ત્યારબાદ માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદબેન પટેલેના વરદ્દહસ્તે વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ તથા રિલાયન્સ જીઓ ઈન્ફોકોમ લિ.ના સહયોગથી સુરત શહેરના શહેરીજનો માટે "સુરત વાઈ–ફાઈ" સેવાનું લોન્ચીંગ કરવામાં આવ્યું હતું




આ પ્રસંગે રાજયકક્ષા માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત દુનિયામાં સૌથી વધારે વિકસતા શહેરોમાંનું એક શહેર છે સુરત શહેરે ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ફલાય ઓવર બ્રીજો ,ફુટ ઓવર બ્રીજ, સારા રસ્તા અને માસ ટ્રાન્સપોર્ટેશન થકી BRTS ના માધ્યમ થી ટ્રાફિક સમસ્યાના ઉકેલમાં આગળ વધ્યા છે. આજના યુગમાં ટેકનોલોજી અનિવાર્ય છે.જેમાં વાઈ–ફાઈ સુવિધાના શુભારંભથી સુરત શહેરને વાઈ–ફાઈ સીટીનું બહુમાન પ્રાપ્ત થયુ છે.જે બદલ તેમણે તમામ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા



શહેરમાં વિકાસની ઘણી તકો રહેલી છે.અને આવી તકો ઝડપવાની સુરતીઓમાં તાકાત છે.સુરતના વિકાસમાં રાજય સરકારનો સહકાર છે અને સુરતના વિકાસમાં અવરોધ ન થાય તે માટે સરકાર હંમેશા કટિબધ્ધ છે. આજરોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરીજનોને BRTS ફેઝ–૧ ના બીજા રૂટનું લોકાર્પણ થયેથી નવલું નજરાણું ભેટ મળ્યું છે.

આ પ્રસંગે પ્રવચન કરતા માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાએ જણાવ્યું હતું કે સૌથી લાંબા રૂટ માટે BRTS બસ સેવામાં વિશ્વમાં આ સેવા સંભવત પ્રથમ છે. BRTS ની સુવિધા કેનાલ કેરીડોરમાં ઉપલબ્ધ કરાવવાની છે.સુરત ડીજીટલ ઈન્ડીયા –સમાર્ટ ઈન્ડીયનની દિશામાં આગળ વધી રહયું છે. સુરત મહાનગરપાલિકાએ વર્ચ્યુઅલ સીવીક સેન્ટર,વોટસઅપ મારફત ફરિયાદ નોંધણી,મોબાઈલ એપ્લીકેશન માં સુરત દેશનું નંબર વન શહેર છે શહેરમાં જે ગામડાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.તે ગામોની આગવી ઓળખ જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકા કટિબધ્ધ છે. અને એ મહાનગરપાલિકા એ રૂા. ૨.૫૦ કરોડ ગ્રાંટ આપી છે જે માંથી વોર્ડ કમિટિ પોતાના વોર્ડના વિકાસના કાર્ય હાથ ધરી શકશે V.I.P.રોડ ને યુનિટી રોડ નામ આપવાનું નકકી કરેલ છે.જેના પર સરદાર મંદિર બાંધવાનું આયોજન કરવામાં આવેલ છે.સુરત મહાનગરપાલિકા લોકાપયોગી પ્રકલ્પોની સુવિધા આપવા માટે મકકમ છે.સુરતને ભવ્ય સુરત,દિવ્ય સુરત બનાવવા માટે આગળ વધવા અપીલ કરી હતી.



આ પ્રસંગે માન મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે સાધન સંપન્ન લોકોને ગેસ સબસીડી છોડવા માટે અપીલ કરી હતી ઉત્તર ગુજરાત,કચ્છ,સૌરાષ્ટ વગેરે માં પાણી ની તંગીના કારણે દક્ષિણ ગુજરાતમાં સ્થાળતર થયું.બનાસકાંઠા જિલ્લામા પાલનપુર,ડિસા,દાંતીવાડા ખાતે પાણી પહોચાડી ખેડુતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવી આર્થિક ઉપાર્જન પુરુ પાડીયું વધુમાં દેશના જવાનોને ૩૧ ચોકીઓ પર ૧૨૦ કિ.મી.ની પાઈપ લાઈન દ્રારા પાણી પહોચતુ કર્યું છે. જેની કેન્દ્ર સરકારે પણ નોંધ લીધી છે

આ વર્ષે ખાસ શાળા આરોગ્ય કાર્યક્રમમાં બાળકોના દાંતની સારવાર ઉપરાંત વિકૃત ચહેરાવાળા બાળકો ને શોધી તેના ઓપરેશન કરવાની દિશામાં આગળ વધ્યા હોવાનું જણાવ્યું હતું

કચ્છ માંડવીમાં અનોખી યુનિવસીર્ટીનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું જેમાં માનવીઓ ગુણો વિકસે તદ્ઉપરાંત કર્મ,ધર્મ ,શાંતિ,સંતોષ અને સદ્ભાવનાના ગુણો વિકસે તે અને સંસ્કાર મળે આવી યુનિવસીટી માં બાળકોને શિક્ષણ મળે અને ભારત વિશ્વ ગુરુ બને એવી અભ્યર્થના વ્યકત કરી હતી

ગામડાઓ તથા નગરપાલિકાઓ ડીજીટલ બની રહી છે.સુરત મહાનગરપાલિકાએ જાહેર ૧૯ સ્થળોએ વાઈ–ફાઈ સર્વિસનો શુભારંભ કરાવી સુરત સ્માર્ટેસ્ટ શહેર બને અવી અભિલાષા વ્યકત કરી હતી

દુનિયાના શ્રેષ્ઠ શહેરોમાં શુ છે જે સુરત શહેરમાં નથી અને તેને મેળવવા માટે શું કરવું અને તે મેળવ્યા બાદ સુરતની છબી વિશ્વમાં છવાઈ જાય અને સુરત શહેર વિશ્વના દેશો ના શહેરોની હરોળમાં આવી જાય તેવા પ્રયત્નો કરવા અધિકારીઓને અનુરોધ કર્યો હતો.અંતમાં માન.મુખ્યમંત્રીશ્રી એ સુરત શહેરને વિકાસના વિવિધ પ્રકલ્પોના આયોજનો માટે પદાધિકારીશ્રીઓ/અધિકારીશ્રીઓને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા અને આવા શહેર વિકાસના કામોમાં રાજય સરકાર સંપૂર્ણ સહકાર આપવા કટિબધ્ધ છે

આ પ્રસંગે શ્રી અજયકુમાર ચોકસી, દંડકશ્રી, ગુજરાત સરકાર, શ્રી વિવેકભાઈ પટેલ, અધ્યક્ષશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પી. પટેલ,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ,ધારાસભ્યશ્રી રણજિતભાઈ ગીલીટવાલા, ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, માન.પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના,માન.કલેકટર ડૉ.રાજેન્દ્ર પ્રસાદ,દ.ગુ.યુનિવસીટી ના કુલપતિ શ્રી દક્ષેશ ઠાકર, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ,મીડીયાના પ્રતિનિધિશ્રીઓ,પ્રેસ ફોટોગ્રાફર,ચેનલના કેમેરામેનો,આમંત્રિત મહાનુભાવો તથા નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## પ્રેસનોટ નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૪/૨૦૧૫ થી તા.૨૦/૦૪/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૦૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૦૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૩૧૮૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૮૩૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૩ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૨૫,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૪૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૧,૪૨,૧૧૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૨૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૩ એન્ટ્રીમાં રૂા.૨૬,૧૭૦/– અને આર.સી.ની ૧૫ એન્ટ્રીમાં રૂા.૯૫,૯૮૩/– મળી કુલ રૂા.૧,૨૨,૧૫૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૧૦૦૦/– અને દંડની રકમની ૧૭ એન્ટ્રીમાં રૂા.૧,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૧ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૮ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૦૫ ફાઈલોના રૂા.૪,૮૫,૪૬૦/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૩૭,૩૦૦/–, મિલ્કત ભાડાના રૂા.૬,૭૨૦/–, મંડપ ચાર્જના રૂા.૧,૪૩૪/–, દબાણ ચાર્જના રૂા.૭,૭૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૩,૩૫૦/– મળી કુલ રૂા.૫૬,૫૫૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૨૧.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એક્ટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૮૯ ફાઈલના **રૂા.૧૨.૫૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૫ લોકેશન(ખાડા)૧૯૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૧૧.૬૨૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ**–૦૬ લોકેશન(ખાડા) **૧૭૦.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–૦૯ લોકેશન **૪૬૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે. તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૩૦** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૨૦** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૭૯.૮૮** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૮૨** લાખ થયેલ છે.,**૧૦** EC તથા ૦૩ RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૯૭૯**/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૦૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.,**૨૨** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૩૮૫** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૮** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૭૭.૭૦૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૩૨** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૪૧૭૦**/–છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :૭૨૪૦ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૬૧૨૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૬** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૫૭૮** કરવામાં આવેલ છે. જયારે **૧૦** નોટીસ આપવામાં આવેલ છે.

**TOP**

## સાઉથ ઝોન (ઉધના) માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવાની સતત બાર દિવસથી ચાલતી કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા બાર દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આજરોજ ઉધના ઝોન ધ્વારા કામગીરી ચાલુ રાખી પંચશીલનગર–૧, પંચશીલનગર–ર, સિધ્ધાર્થનગર ,સુડા આવાસ, વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૨૫ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જે કામગીરી પ્રગતિ હેઠળ છે. આજદિન સુધી કુલ–૨૩૬ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ,દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

પ્રેસનોટ

**તા.૧૫મી મે,૨૦૧૫ સુરત શહેર સુધરાઈ દિનની ઉજવણી કાર્યક્રમ નિર્ણાયક કમિટિના સભ્યશ્રીઓના નામઃ**

| ક્રમ | કમિટિ સભ્યશ્રીઓ |
|---|---|
| ૧ | મા.મેયરશ્રી |
| ૨ | મા.ડેપ્યુટી મેયરશ્રી |
| ૩ | મા.અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિ |
| ૪ | મા.અધ્યક્ષશ્રી,સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ |
| ૫ | મ્યુ.કમિશનરશ્રી |
| ૬ | ડીવીઝનલ હેડશ્રી–સાંસ્કૃતિક વિભાગ |
| ૭ | ડો.મુકુલભાઈ ચોકસી |
| ૮ | ડો.રઈશ મણીયાર |
| ૯ | શ્રી યઝદીભાઈ કરંજીયા |
| ૧૦ | શ્રી એશા દાદાવાળા |
| ૧૧ | શ્રી કાનજીભાઈ ભાલાળા |
| ૧૨ | શ્રી પરેશભાઈ પટેલ |
| ૧૩ | શ્રી જે.પી.અગ્રવાલ |
| ૧૪ | શ્રીમતી રંજનબેન અનિલભાઈ ગોસ્વામી |
| ૧૫ | ડો.પ્રફુલ્લભાઈ છાસટીયા |
| ૧૬ | શ્રી જગદીશભાઈ ઈટાલીયા |
| ૧૭ | શ્રી મહેન્દ્રભાઈ કતારગામવાળા,પ્રમુખશ્રી,ચેમ્બર્સ ઓફ કોમર્સ |
| ૧૮ | શ્રી વેલજીભાઈ શેટા,પ્રમુખશ્રી ક્રેડોઈ |
| ૧૯ | શ્રી દિનેશભાઈ નાવડીયા,પ્રમુખશ્રી,ડાયંમડ ઓસીએશન |
| ૨૦ | શ્રી સાવર પ્રસાદ બુધીયા,પ્રમુખશ્રી,ફોસ્ટા |

TOP

## પ્રેસનોટ

ગુજરાતના મહાનગરો અને શહેરોના સર્વાંગી વિકાસ માટે ચેક અર્પણ સમારોહ તા.૨૨/૦૪/૨૦૧૫,બુધવારના રોજ મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે ગુજરાત રાજય ના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે યોજાનાર છે.જેમાં માન.રાજય કક્ષાના મંત્રીશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,વાહન વ્યવહાર,શહેરી ગૃહ નિર્માણ શ્રી શંકરભાઈ ચૌધરી અતિથિવિશેષ તરીકે હાજર રહેનાર છે.

સુરત મહાનગરપાલિકાને રાજય સરકાર તરફથી રૂા.૬૧૮ કરોડની સહાય મળનાર છે.તે પૈકી રૂા.૩૧૨ કરોડ ની સહાય સ્વીકારવા માટે માન.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા,મા.ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવ શાહ,અને અન્ય પદાધિકારીશ્રીઓ તથા માન.કમિશનર શ્રી મિલિન્દ તોરવણેને નિમંત્રણ મળેલ હોય,રાજય સરકારશ્રી ની ઉપરોકત સહાય સ્વીકારવા ઉપસ્થિત રહેનાર છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૯(ઉધના–લિંબાયત) ના ફા.પ્લોટ નં.૨૫/એ માં આવેલ મઝદા પાર્ક સોસાયટીનાં પ્લોટ નં. બી /૩૨ ને ટી.પી.સ્કીમ મુજબ ૨૪.૦૦ મી. ના ટી.પી.રોડની અસર થાય છે.સદર પ્લોટના મિલ્કતદાર/ કબ્જેદારને ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ, ૧૯૯૯ ની કલમ–૪૮–ક, ૬૭,૬૮ તથા ટાઉન પ્લાનીંગ રૂલ્સ ૧૯૭૯ ના રૂલ ૩૩ મુજબની કબજો દુર કરવાની નોટીસ પાઠવવામાં આવેલ.જે અન્વયે સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના શહેર વિકાસ વિભાગ દ્વારા અગાઉ બે થી ત્રણ વખત મકાન દુર કરવા બાબતે સંપર્ક કરતા મિલ્કતદાર / કબ્જેદાર દ્વારા મકાન ન દુર કરવા બાબતે અવરોધ ઉભો કરવામાં આવેલ.જે અન્વયે સદર ટી.પી.રોડમાં નડતરરૂપ મિલ્કત આજ તા.૨૨/૦૪/૨૦૧૫ના રોજ સ્થળ પરથી દુર કરી આશરે ૧૨ ' × ૪૫ ' (૫૪૦ ચો. ફુટ) માપ વિસ્તારનો ટી.પી.રોડ જાહેર જનતા માટે ખુલ્લો કરવામાં આવેલ.જેનાથી જાહેર જનતા માટે ટ્રાફિક ની સમસ્યા હળવી કરી શકાશે.

તદઉપરાંત સદર ટી.પી.સ્કીમના ફા.પ્લોટ નં. ૧૭/એમાં આવેલ નારાયણનગરના સબ પ્લોટ નં.જે–૧૭ થી ૨૦માં મિલ્કતદાર દ્વારા સુરત મહાનગરપાલિકાની મંજુરી વગર ઈન્ડ. હેતુના બાંધકામ શરૂ કરવામાં આવેલ. સદર બિન રહેણાંક / ઈન્ડ. હેતુના બાંધકામમાં સ્લેબ ભરવાના ઈરાદે બેઝમેન્ટમાં સેન્ટીંગ / શટરીંગ શરૂ કરવામાં આવેલ. આવુ ગેરકાયદેસર બાંધકામ બંધ કરવા મિલ્કતદારને અવારનવાર મૌખિક સુચના આપી બાંધકામ અટકાવવામાં આવેલ.પરંતુ મિલ્કતદાર દ્વારા સદરહુ ચેતવણીને અવગણીને બાંધકામ ચાલુ જ રાખવામાં આવેલ. જેથી તા.૨૩/૦૪/૨૦૧૫ના રોજ અત્રેના ઝોનના શહેર વિકાસ વિભાગ , દબાણ વિભાગ તથા ખાનગી કોન્ટ્રાકટરના માણસો દ્વારા આશરે ૮૫ ' × ૭૫ ' ( ૬૩૭૫ ચો. ફુટ) માપ વિસ્તારમાં બેઝમેન્ટમાં કરવામાં આવેલ સેન્ટીંગ /શટરીંગ દુર કરવામાં આવેલ. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૫૦,૦૦૦/– ડિમોલીશન ચાર્જ પેટે વસુલવામાં આવેલ.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૨૨.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૮૩ ફાઈલના **રૂા.૧૦૦.૪૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–૦૮ **લોકેશન(ખાડા)૩૩૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૧.૫૨૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ**–૦૪ લોકેશન(ખાડા) **૮૫.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–૦૮ લોકેશન **૩૩૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૧૦** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન **કુલ :૭૫** આપવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૮૧૦/– વસુલ લેવામાં આવેલ તથા બમરોલી મોહનનગર ખાતે ગેરકાયદેસર બાંધવામાં આવેલ મંદિર નું દબાણ દૂર કરવામાં આવેલ તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૭** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૧૭** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૩.૪૩** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૭૧** લાખ થયેલ છે.,**૧૮** EC તથા **૧૦** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૮૦૭/**– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૦૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.,**૪૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૪** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:૩૮૬ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૪** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૭૭.૫૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૪૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ: **રૂા.૬૪૫૦/**–છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૯૩૩૧** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૦૨૯૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૪૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૫૩૯** કરવામાં આવેલ છે. જયારે **૨૪** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧૫૦૦/**– વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક) માં આવેલ પરમહંસ  વિદ્યાલયમાં ડિમોલીશનની કામગીરી.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨(સરથાણા–વાલક)ના ફા.પ્લોટ નં. ૧૦/બી માં આવેલ પરમહંસ વિદ્યાલયમાં બીજા માળે માર્જીન વિસ્તારમાં શરૂ કરવામાં આવેલ આશરે ૮૦૦.૦૦ ચો.ફુટ ના માપ વિસ્તારનું આર.સી.સી., સ્લેબ તથા ચણતરની દિવાલો દુર કરી રૂા. ૫૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુઈ કરવામાં આવેલ છે. તથા ફા.પ્લોટ નં. ૧૦/બી માં આવેલ કવિતા સોસાયટીના સબ પ્લોટ નં. ૬૦ માં પહેલા માળે ચણતરની દિવાલો, કોલમ તથા સ્લેબનું સેન્ટરીંગનું આશરે ૪૦૦.૦૦ ચો.ફુટ બાંધકામ દુર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કચેરીના કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના કર્મચારી, દબાણ ખાતાના સ્ટાફ તથા પોલીસ સ્ટાફ તથા જે.સી.બી. મશીન તથા અન્ય સાધનો દ્વારા  શાંતિપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૯૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૨૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૪૪૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૩૮૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૪૮ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૩૬,૨૨,૩૫૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૦ એન્ટ્રીમાં રૂા.૭૮,૭૨૦/– અને આર.સી.ની ૨૩ એન્ટ્રીમાં રૂા.૧,૦૭,૦૫૩/– મળી કુલ રૂા.૧,૮૫,૭૭૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૨૯ એન્ટ્રીમાં રૂા.૧,૧૨૦/–, રીન્યુઅલની ૨૦ એન્ટ્રીમાં રૂા.૧,૨૦૦/– અને દંડની રકમની ૨૧ એન્ટ્રીમાં રૂા.૨,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૪ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૧ ગંદા પાણીની ફરીયાદનો નિકાલ કરેલ. ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૭ ફાઈલોના રૂા.૫,૯૯,૮૨૪/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૦૪,૧૦૦/–, હોર્કિંગ્સના રૂા.૬૨,૩૬૩/–, દબાણ ચાર્જના રૂા.૭,૧૭૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૯૦૦/– મળી કુલ રૂા.૧,૭૫,૫૩૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવાની સતત ચાલતી કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા તેર દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આજરોજ ઉધના ઝોન ધ્વારા કામગીરી ચાલુ રાખી પંચશીલનગર–૧ અને સુખી નગર વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૧૦ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જે કામગીરી પ્રગતિ હેઠળ છે. આજદિન સુધી કુલ–૨૪૬ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ,દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ







**ગુજરાતના મહાનગરો અને શહેરોના સર્વાંગી વિકાસ માટે ચેક અર્પણ સમારોહ તા.૨૨/૦૪/૨૦૧૫,બુધવારના રોજ મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે ગુજરાત રાજય ના માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે યોજાનાર હતો.જેમાં માન.રાજય કક્ષાના મંત્રીશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ,વાહન વ્યવહાર,શહેરી ગૃહ નિર્માણ શ્રી શંકરભાઈ ચૌધરી અતિથિવિશેષ તરીકે હાજર રહયા હતા.**

**સુરત મહાનગરપાલિકાને રાજય સરકાર તરફથી રૂા.૬૧૮ કરોડની પૈકી રૂા.૩૧૨ કરોડ ની સહાય નો ચેક માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના વરદ્હસ્તે માન.મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા,મા.ડે.મેયર શ્રીમતી રંજનબેન વેકરીયા,માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી નિરવ તથા માન.કમિશનર શ્રી મિલિન્દ તોરવણે ધ્વારા સ્વીકારવામાં આવેલ છે.**

TOP

## પ્રેસનોટ

## વિશ્વ પુસ્તક દિવસ નિમિત્તે મ.ન.પા. ધ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન

ઈલેક્ટ્રોનિક યુગમાં પણ પુસ્તકોનું મહત્વ જળવાઈ રહે તે માટે ૨૩ એપ્રિલનો દિવસ સમગ્ર વિશ્વમાં 'પુસ્તક દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. જે નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

તા.૨૩/૦૪/૨૦૧૫ને ગુરૂવારના રોજ 'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સહયોગથી વીર નર્મદ દ.ગુ.યુ.ના તુલનાત્મક સાહિત્યના ભૂતપૂર્વ વડા ડો.સવિતા ગૌરની અધ્યક્ષતા હેઠળ કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે સાંજે ૫.૦૦ કલાકે સાહિત્ય ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યુ છે.

વધુમાં વધુ લોકો પુસ્તક વાંચન તરફ વળે તે માટે 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગત ક.ન.મ.પુસ્તકાલય, અઠવાલાઈન્સ અને વિવિધલક્ષી વાંચનાલય, અડાજણ ખાતે ઉપલબ્ધ પુસ્તકો પૈકી વિતરણ કરવા યોગ્ય પુસ્તકોનું વહેલા તે પહેલાના ધોરણે વિનામૂલ્યે વિતરણ 'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે કરવામાં આવશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા ધ્વારા તાજેતરમાં અમલી થયેલ પુસ્તક દાન યોજના, શુભેચ્છા સભ્યપદ યોજના અને સ્ટુડન્ટ બુક બેંક યોજનાનો પણ 'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે બહોળી માત્રામાં લાભ લેવા સુરત મહાનગરપાલિકા ધ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે. આ યોજનાઓની વધુ માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ તેમજ જાહેર પુસ્તકાલયો ખાતે પણ ઉપલબ્ધ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૪/૧૫ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

(૧) અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તાર પૈકીની ડ્રા.ટી.પી.સ્કીમ નં.૩૨(ગવિયર–વાંટા–ડુમસ) તેમજ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૭૭(ડુમસ–ભીમપોર –ગવિયર)માં એરપોર્ટ સામેથી દિલ્હી પબ્લીક સ્કુલ તરફ જતા ૨૪.૦૦ મી. ટી.પી.રસ્તા પર કેનાલ જંકશનથી દિલ્હી પબ્લીક સ્કુલ સુધીના ૨૪.૦૦ મી.રસ્તાની કપાત હેઠળ આવતી સાયલન્ટ ઝોન કમ્પાઉન્ડ થી ઓળખાતી મિલ્કતની અંદાજે ૬૫૦.૦૦ ર.મી.(૨૧૦૦ ફુટ) આર.સી.સી. / ચણતરની કમ્પાઉન્ડ વોલનું બાંધકામ દૂર કરી ૨૪.૦૦ મી.ના રસ્તા પૈકીની આશરે (૫૨૦૦ ચો.મી.) ૫૫૯૫૦ ચો.ફુટ જગ્યા ખુલ્લી કરી રસ્તાનો કબજો મેળવી લેવામાં આવેલ છે. સદરહુ જગ્યા ખુલ્લી થવાથી આ નવા સમાવિષ્ટ ડુમસ, ભીમપોર, ગવિયર વિસ્તારના રહીશો માટે ડ્રેનેજ, સ્ટોર્મ ડ્રેનેજ તેમજ રસ્તાની સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકશે.

(૨) પ્રિ.ટી.પી.સ્કીમ નં.૪(રૂંઢ–મગદલ્લા)માં ભાવિ દર્શન સંકુલ પાસે હવામાન કચેરીને લાગુ ૧૨.૦૦ મી.ના ટી.પી.રસ્તામાં નડતરરૂપ આશરે ૧૫'' × ૧૫'' માપ વિસ્તારની આર.સી.સી., ચણતર કોલમની દુકાનનું બાંધકામ દૂર કરી રસ્તાની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે તેમજ સુરત–ડુમસ રોડ ભાવિદર્શન સંકુલ ખાતેના દબાણ રૂપ લારી/ગલ્લા, પાથરણા વિગેરેના દબાણો દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશનરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન તેમજ સીધી દેખરેખ હેઠળ અઠવા ઝોનનાં શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગનો સ્ટાફ સાથે રાખી સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ સાઉથઝોન(ઉધના) સુરત મહાનગરપાલિકા

**તા.૨૩.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૬૯ ફાઈલના **રૂા.૯.૫૧ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૧૦ લોકેશન(ખાડા)**૩૩૦.૦૦ **ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૩૬.૬૪૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૧૨૫.૦૦ ૨.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૦૭** લોકેશન **૩૮૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૧૦** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન **કુલ :૯૧** આપવામાં આવેલ તથા આઈ.સી.નાણાં પેટે રૂા.૨૭,૨૪૩/– વસુલ લેવામાં આવેલ તથા **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૪૦** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૮૦** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૫૧.૯૦** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૩.૪૫** લાખ થયેલ છે.,**૨૧** EC તથા **૧૩** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨૧૬૦**/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૪૧૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.,**૪૫** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૪૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૮૧** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૭૦.૯૪૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૫૮** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૧૪૮૫૦**/–છેતથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ :૧૦૩૬૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૨૮૭૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૬૨** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૬૩૩** કરવામાં આવેલ છે. જયારે **૪૪** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

**TOP**

## પ્રેસનોટ નોર્થ ઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૨/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૯૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૪૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૩૮ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૧૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧૦,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૬૦૮ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૪૧,૭૭,૦૭૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૧ એન્ટ્રીમાં રૂા.૭૩,૦૯૦/– અને આર.સી.ની ૧૯ એન્ટ્રીમાં રૂા.૧,૧૬,૪૬૫/– મળી કુલ રૂા.૧,૮૯,૫૫૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૨૪૦/–, રીન્યુઅલની ૨૬ એન્ટ્રીમાં રૂા.૧,૩૯૦/– અને દંડની રકમની ૧૭ એન્ટ્રીમાં રૂા.૩,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૫ ફાઈલોના રૂા.૯,૨૩,૧૧૮/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS કોસાડ આવાસ વસુલાત રૂા.૬૮,૧૦૦/–, હોર્ડિંગ્સના રૂા.૭,૮૬૨/–, જમીન ભાડાના રૂા.૪,૫૧૫/–, દબાણ ચાર્જના રૂા.૩,૮૭૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૭૦૦/– મળી કુલ રૂા.૮૬,૦૪૭/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૦૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પૂર્વ(વરાછા) ઝોન નાના વરાછા વિસ્તારમાં ડીમોલીશન  તથા દબાણ દુર કરવા અંગેની અખબારયાદી

ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) ના ફા.પ્લોટ નં. ૭૫/૨ પૈકીમાં સિધ્ધાર્થ સોસાયટી પ્લોટ નં. એ/૮,૯,૧૦ માં મંજુર પ્લાન વિરૂધ્ધ ભોંયતળિયાના ભાગે માર્જીન કવર્ડ કરી બનાવેલ આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ વિસ્તારમાં ફેબ્રીકેટેડ દુકાનો શટર્સ સહિત તોડીને દુર કરવામાં આવેલ. તે ઉપરાંત ફા. પ્લોટ નં. ૭૦/બી પૈકીમાં સરદાર સ્કુલની બાજુમાં ભીડભંજન સોસાયટી પાસે પૂર્વ મંજુરી વગર પાર્ટી પ્લોટ બનાવવાના ઈરાદે ગેલ્વેનાઈઝડ પતરાંનું આશરે ૫૦૦.૦૦ રનીંગ ફુટ માળખું તોડીને દુર કરવામાં આવેલ  મિલકતદારો તરફેથી રૂા. ૧૫,૦૦૦/– ડીમોલીશન ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે.

વધુમાં નાના વરાછા મોતીનગર સર્કલ નજીક રસ્તા તથા ફુટપાથ પર અડીંગો જમાવી અસ્થાયી ધોરણે પાથરણાં તથા લારીઓ મુકી ગેરકાયદેસર ઉભા કરેલ શાક માર્કેટને હટાવવાની ઝુંબેશના ભાગરૂપે આશરે ૩૦ જેટલી લારીઓ તથા ૧૪૭ જેટલા પાથરણાંઓ જપ્ત કરવામાં આવેલ.

ઉપરોકત કામગીરી અત્રેના પૂર્વ(વરાછા)ઝોન કચેરીના કાર્યપાલક ઈજેનરશ્રીના માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ ખાતાના કર્મચારી, દબાણ ખાતાના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ  ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૩/૦૪/૨૦૧૫ થી તા.૧૯/૦૪/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬)  કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૮,૩૪૦/–, વેસ્ટઝોન – રૂા.૪,૮૧૦/–, સાઉથઝોન – રૂા.૭,૧૮૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૨૧,૬૫૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૬,૩૫૦/–, નોર્થઝોન – રૂા.૮,૦૫૦/– અને ઈસ્ટઝોન – રૂા.૫,૨૦૦/– મળી  તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૬૧,૫૮૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના) માં સ્ટ્રીટલાઈટના થાંભલા નું દબાણ દૂર કરવાની સતત ચૌદ દિવસથી ચાલતી કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ, તે અંગે છેલ્લા ચૌદ દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. આજરોજ ઉધના ઝોન ધ્વારા કામગીરી ચાલુ રાખી સુડા આવાસ, જાનકી પાર્ક, સોમેશ્વર સોસાયટી, હીંગરાજ વસાહત, ઉમિયા નગર, ગણપત નગર વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૨૨(બાવીસ) નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.જે કામગીરી પ્રગતિ હેઠળ છે. આજદિન સુધી કુલ–૨૬૮ સ્ટ્રીટલાઈટના થાંભલાઓ ખુલ્લા કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ,દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સીટી ઈજનેર/ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ શહેર સુરતનાં સુરત મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ સગરામપુરા તલાવડી, રાજેશ્રી હોલ થી ક્ષેત્રપાળ મંદિર સુધીનાં જાહેર રસ્તા તથા રસ્તામાં આવતાં જંકશન પર આવેલ લારી–ગલ્લાના દબાણ, સ્થાયી તાડપત્રીવાળા તંબુ, પતરાંના શેડ, ચણતરનાં ઓટલા–પગથીયાં આજે તા.૨૩/૦૪/૧૫ ના રોજ અત્રેથી દબાણ દૂર કરવાનું સીટી ઈજનેરશ્રી તેમજ કાર્યપાલક ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીનાં સીધા માર્ગદર્શન હેઠળ નકકી કરવામાં આવેલ. સદર વિસ્તાર અતિ સંવેદનશીલ હોય, અન્ય ઝોનનાં દબાણ સ્ટાફ તેમજ જરૂરી પોલીસ સ્ટાફનો સહયોગ લેવાનું નકકી કરવામાં આવેલ.

સદર હકીકત ધ્યાને લઈ સગરામપુરા તલાવડી, રાજેશ્રી હોલ થી ક્ષેત્રપાળ મંદિર સુધીનાં જાહેર રસ્તા તથા રસ્તામાં આવતાં જંકશન પર આવેલ લારી–ગલ્લાના દબાણ, સ્થાયી તાડપત્રીવાળા તંબુ, પતરાંના શેડ, ચણતરનાં ઓટલા–પગથીયાંના દબાણ આજે તા.૨૩/૦૪/૧૫ ના રોજ બપોરે આશરે ૨:૩૦ કલાકે સેન્ટ્રલ ઝોનનાં કાર્યપાલક ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રી, ડે.ઈજનેર– ૦૩, જુ.ઈજનેર/આસી.ઈજનેર/ આસી.ટા.પ્લાનર/સુપરવાઈઝર/ટેક.આસી.–૨૯, બેલદારો–૫૫, ખાનગી બેલદારો–૩૬, જે.સી.બી.–૦૪, ટ્રકો/મઝદા–૧૮, વરાછા ઝોન સ્ટાફ–૧૫, રાંદેર ઝોન સ્ટાફ–૧૪, ઉધના ઝોન સ્ટાફ–૧૩, કતારગામ ઝોન સ્ટાફ–૦૯ અને લીંબાયત ઝોન સ્ટાફ–૧૦ તેમજ સુરત મહાનગરપાલિકાનાં ચીફ સીકયુરીટી ઓફિસર અને તેઓનો સીકયુરીટી સ્ટાફ–૩૦ મળી કુલ સ્ટાફ–૨૩૯ તથા અઠવા પોલીસ સ્ટેશનનાં પી.આઈ.શ્રી ડી.પી.વાઘેલા અને ડુમ્મસ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.શ્રી પવાર તેઓનાં ૦૭ પી.એસ.આઈ. મળી કુલ ૧૦૦ જેટલો પોલીસ સ્ટાફ સહિત **આશરે કુલ – ૩૩૯ જેટલો સ્ટાફ** લઈ સદર સ્થળે દબાણ દૂર કરવાની કામગીરી કરવા માટે ગયેલ હતાં.

સદર કામગીરી દરમ્યાન સગરામપુરા તલાવડી વિસ્તારનાં દબાણકર્તાઓ ધ્વારા સખત વાંધો વિરોધ કરવામાં આવેલ અને કામગીરી અટકાવવાનો પ્રયાસ પણ કરવામાં આવેલ, પરંતુ સ્થળ પર હાજર પોલીસ સ્ટાફ ધ્વારા પરિસ્થિતી સંભાળી લેતાં અત્રેથી સફળતા પૂર્વક દબાણ દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. સદર કામગીરી સગરામપુરા તલાવડી ચાર રસ્તાથી લઈને ક્ષેત્રપાળ મંદિર સુધીનાં રસ્તા પર કરવામાં આવેલ દબાણ દૂર કરવાની કામગીરી અત્રેથી સીટી ઈજનેરશ્રી જે.એસ.શાહ તથા એડી.સીટી ઈજનેરશ્રી કે.એસ.પટેલની હાજરીમાં તથા માર્ગદર્શન હેઠળ સફળતા પૂર્વક પૂર્ણ કરવામાં આવેલ છે. વધુમાં સીટી ઈજનેરશ્રી તથા પોલીસ ઈન્સ્પેકટરશ્રી ધ્વારા સુરત મહાનગરપાલિકાનાં અધિકારીઓ સહિતના સ્ટાફ તથા પોલીસ સ્ટાફ સહિત નવસારી બજારથી રૂદરપુરા ખાડી રોડ તથા કાદરશાની નાળ વિસ્તારમાં સંયુકત રાઉન્ડ લેવામાં આવેલ, જે દરમ્યાન લગભગ ૮૦ % દબાણ સ્વૈચ્છાએ દબાણકર્તાઓ ધ્વારા દૂર થયેલ હોવાનું માલુમ પડેલ છે. સમગ્ર કામગીરી દરમ્યાન પોલીસ ખાતા ધ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

સદર દબાણ દૂર કરવાની કામગીરી દરમ્યાન નીચે મુજબની વસ્તુઓ/માલ–સામાન જમા લેવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | બંધલારી–૨૧ | (૨) | ખુલ્લી લારી–૦૮ |
| (૩) | કેબીન–૧૬ | (૪) | છાપરાવાળી લારી–૦૬ |
| (૫) | કાઉન્ટર–૦૯ | (૬) | લાકડાંના બાકડાં–૦૨ |
| (૭) | પ્લાય–૦૬ | (૮) | લોખંડના સ્ટેન્ડ–૧૪ |
| (૯) | લાકડાં/લોખંડના ટેબલ–૧૪ | (૧૦) | એંગલ/ચેનલ પટ્ટી–૧૮ |
| (૧૧) | તાડપત્રી–૦૪ | (૧૨) | પતરાં–૧૨ |
| (૧૩) | અન્ય પરચુરણ સામાન – ૧ ગાડી | | |

## પ્રેસનોટ
## વિશ્વ પુસ્તક દિવસની મ.ન.પા. ધ્વારા ઉજવણી



ઈલેકટ્રોનિક યુગમાં પણ પુસ્તકોનું મહત્વ જળવાઈ રહે તે માટે ૨૩ એપ્રિલનો દિવસ સમગ્ર વિશ્વમાં 'પુસ્તકદિવસ' તરીકે ઉજવવામાં આવે છે અને જેની ઉજવણી સુરત મહાનગરપાલિકા ધ્વારા પણ વિશિષ્ટ રીતે કરવામાં આવીહતી.'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે સુરત મહાનગરપાલિકા ધ્વારા સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનાસહયોગથી વીર નર્મદ દ.ગુ.યુ.ના તુલનાત્મક સાહિત્ય વિભાગના ભૂતપૂર્વવડા ડો.સવિતા ગૌરની અધ્યક્ષતા હેઠળ કવિનર્મદ મધ્યસ્થ પુસ્તકાલય ખાતે સાહિત્ય ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનો સાહિત્ય પ્રેમીઓએ ઉત્સાહભેરલાભ લીધો હતો.

શહેરીજનોમાં વાંચન ભૂખ કેળવાય તે માટે 'વાંચો અને વંચાવો' યોજના અંતર્ગતક.ન.મ.પુસ્તકાલય,અઠવાલાઈન્સ અને વિવિધલક્ષી વાંચનાલય, અડાજણ ખાતે ઉપલબ્ધ પુસ્તકો પૈકી વિતરણ કરવા યોગ્ય પુસ્તકોનું વહેલાતે પહેલાના ધોરણે વિનામુલ્યે વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેને વાચક સભ્યો તથા મુલાકાતીઓ તરફથી પ્રોત્સાહકપ્રતિભાવ સાંપડયો હતો અને જેમાં ૫૦થી વધુ બાળકો, ૬૦૦ થી વધુ યુવાઓઅને ૧૫૦ થી વધુ વરિષ્ઠ નાગરિકો મળીકુલ ૮૦૦ થી વધુ પુસ્તકો વાંચન પ્રેમી નાગરિકો ધ્વારા જરૂરી ફીડબેક આપી, વિનામુલ્યે લઈ જવામાં આવ્યા હતા.આ ઉપરાંત સુરત મહાનગરપાલિકા ધ્વારા તાજેતરમાં અમલી થયેલ પુસ્તક દાન યોજના, શુભેચ્છા સભ્યપદયોજના અને સ્ટુડન્ટ બુક બેંક યોજનાનો લાભ લેવા માટે 'વિશ્વ પુસ્તક દિન' નિમિત્તે જાહેર જનતા ધ્વારા બહોળી સંખ્યામાં પુછપરછ કરી, રસ દર્શાવવામાં આવ્યો હતો.

TOP